## ભાગ લેતા પહેલા, કૃપા કરીને સહભાગી માહિતી પત્રિકા (પાર્ટિસિપન્ટ ઇન્ફર્મેશન શીટ) વાંચો.

**એવિડન્સ ફૉર ઈક્વૉલિટી નેશનલ સર્વે (સમાનતાના પુરાવાનો રાષ્ટ્રીય સર્વે -EVENS): ડૉક્યુમેન્ટિંગ ધ લાઇવ્ઝ ઑફ એથનિક એન્ડ રિલિજિયસ માઇનોરિટીઝ ઇન અ ટાઇમ ઑફ ક્રાઇસિસ (સંકટના સમયે મૂળવંશીય અને ધાર્મિક લઘુમતિઓના જીવનનું દસ્તાવેજીકરણ)**

**પ્રતિભાગી માટે માહિતી પત્રિકા**

તમને એવિડન્સ ફૉર ઈક્વૉલિટી નેશનલ સર્વે (સમાનતાના પુરાવાનો રાષ્ટ્રી સર્વે EVENS)માં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. તમે ભાગ લેવો કે કેમ તેનો નિર્ણય લો તેની પહેલા, તમારા માટે એ સમજવું મહત્ત્વનું છે કે આ સંશોધન કેમ કરવામાં આવી રહ્યું છે અને તેમાં શેનો સમાવેશ થશે. કૃપા કરીને નીચે આપેલ માહિતીને ધ્યાનપૂર્વક વાંચવાનો સમય લો અને તમે ઇચ્છો તો બીજાઓ સાથે મુક્તપણે ચર્ચા કરો. જો તમારે વધુ માહિતી જોઈતી હોય અથવા વધુ સ્પષ્ટીકરણ જોઈતું હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક સાધો. આ વાંચવાનો સમય લેવા બદલ આભાર.

**આ સંશોધન કોણ કરશે?**

આ સંશોધન યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર, યુનિવર્સિટી ઑફ સેઇંટ એન્ડ્રુઝ અને યુનિવર્સિટી ઑફ સસેક્સના સંશોધનકારો વતીથી Ipsos MORI દ્વારા કરવામાં આવશે.

**આ સંશોધનનો ઉદ્દેશ્ય શું છે?**

અમે જાણવા માંગીએ છીએ કે કોવિડ-19 મહામારી અને લૉકડાઉન ઇંગ્લેન્ડ, સ્કૉટલેન્ડ અને વેલ્સના મૂળવંશીય લઘુમતિના લોકોને કેવી રીતે પ્રભાવિત કરી રહ્યા છે. અમે તમારા જીવનના પ્રભાવિત થયેલા જુદા-જુદા ભાગો વિશે પૂછીશું દા.ત. શિક્ષણ, નોકરી અને આર્થિક કલ્યાણ, નિવાસ, સામાજિક, રાજનૈતિક સહભાગિતા, આરોગ્ય અને જાતિવાદ અને ભેદભાવના અનુભવો.

**ભાગ લેવા માટે મને કેમ પસંદ કરવામાં આવેલ છે?**

અમને કોવિડ-19 મહામારીનાં તમારા અનુભવો વિશે જાણવામાં રસ છે. અમને ખાસ કરીને મૂળવંશીય અને ધાર્મિક લઘુમતિઓના અનુભવોનું દસ્તાવેજીકરણ રકવામાં રસ છે.  આ સર્વે વિસ્તૃત સામાન્ય જનતામાં પણ પુછાઈ રહ્યો છે, જેથી અમે લોકોના જુદા-જુદા સમૂહોના દૃષ્ટિકોણને સમજી શકીએ.

**શું સંશોધનના પરિણામો પ્રકાશિત કરવામાં આવશે?**

અભ્યાસના પરિણામો અભ્યાસ વેબસાઇટ www.ethnicity.ac.uk/evensurvey અને અમારી સોશિયલ મીડિયા ચેનલો @EVENSurvey (Twitter) અને @evensurvey (Instagram) પર પ્રકાશિત કરવામાં આવશે. સર્વેમાંથી મળેલ માહિતીને પ્રકાશિત અને ઑનલાઇન વર્કિંગ પેપર, સમકક્ષો દ્વારા સમીક્ષિત જર્નલોમાં લેખો, સંપાદિત

પુસ્તકો, મોનોગ્રાફ, સેમિનાર અને કૉન્ફરન્સ પ્રસ્તુતિઓ દ્વારા શૈક્ષણિક ઉપયોગકર્તાઓ સાથે શેર કરવામાં આવશે. અમે સર્વેમાં મળેલ માહિતીના આધારે નીતિ સંબંધી બ્રીફિંગ, મીડિયા લેખો અને બ્લૉગ પોસ્ટ પણ પ્રકાશિત કરીશું. અમે કાર્યશિબિરો, પૉડકાસ્ટ અને વીડિયો મારફતે નિષ્કર્ષોને જનતા સાથે શેર કરીશું.

**આ સંશોધન પ્રોજેક્ટની સમીક્ષા કોણે કરી છે?**

આ પ્રોજેક્ટને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરની રીસર્ચ એથિક્સ કમિટી (સંશોધન નૈતિકતા સમિતિ) દ્વારા સ્વીકૃતિ આપવામાં આવી છે [2021-10455-17768].

**આ સંશોધન પ્રોજેક્ટનું નિધિયન કોણ કરી રહ્યું છે?**

આ સર્વે માટેનું નિધિયન ઇકોનૉમિક એન્ડ સોશિયલ રીસર્ચ કાઉન્સિલ (આર્થિક અને સામાજિક સંશોધન સમિતિ ESRC) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

**જો હું ભાગ લઉં તો મને શું પૂછવામાં આવશે?**

પહેલા તમને એક નાનકડા નોંધણી સર્વેમાં કેટલાક પ્રશ્નો પૂછવામાં આવશે જેથી તપાસી શકાય કે શું તમે મુખ્ય સર્વેમાં ભાગ લેવા માટે પાત્ર છો. જો તમે પાત્ર હો, તો તમને કોવિડ-19 મહામારી દરમિયાનના તમારા અનુભવો વિશે એક 30 મિનિટના ઑનલાઇન સર્વેમાં, અથવા જો તમે તે પસંદ કરો, તો 40 મિનિટના ટેલિફોન સર્વેમાં ભાગ લેવા કહેવામાં આવશે.

**શું મને ભાગ લેવા માટે વળતર આપવામાં આવશે?**

જો તમે મુખ્ય સર્વેમાં ભાગ લેવાને પાત્ર હો, અને જો તમે તેને આખો પૂરો કરો, તો તમને તે સર્વે પૂરો કરવા માટે એક ગિફ્ટ વાઉચર મળશે.

**જો મારે ભાગ ન લેવો હોય, અથવા મારો વિચાર બદલાય તો શું થશે?**

ભાગ લેવો કે નહીં તે નક્કી કરવા માટે તમે સ્વતંત્ર છો. જો તમે ભાગ લેવાનું નક્કી કરો, તો તમે આ માહિતી પત્રિકાને Ipsos MORIના માહિતી પેજ (evenssurveyinfo.ipsos-mori.com) મારફતે જોઈ શકશો. તમને ઑનલાઇન અથવા ટેલિફોન પર ભાગ લેવા માટે તમારી સંમતિ આપવાનું કહેવામાં આવશે (જો તમે ટેલિફોન પર ભાગ લો અને તમે તેમ ઇચ્છતા હો, તો Ipsos MORI તમને આ આખી માહિતી પત્રિકા વાંચી સંભળાવી શકે છે). જો તમે ભાગ લેવાનું નક્કી કરો તો પણ તમે કોઈપણ સમયે કારણ આપ્યા વિના અને તમારી જાતને નુકસાન પહોંચાડ્યા વિના કોઇપણ સમયે તેમાંથી પાછા ખસી શકો છો. આનાથી તમારા ડેટાની સુરક્ષા સંબંધી અધિકારો પ્રભાવિત થતા નથી. જો તમે ભાગ ન લેવાનું નક્કી કરો, તો તમારે આગળ કંઈ કરવાનું રહેતું નથી.

**તમે મારા વિશે કેવી માહિતી એકઠી કરશો?**

આ સંશોધન પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે, Ipsos MORI તમારી ઓળખ કરી શકાય તેવી માહિતી માંગશે, જેને "પર્સનલ આઇડેન્ટિફાયેબલ ઇન્ફર્મેશન" કહેવામાં આવે છે. ખાસ કરીને તમને તમારું લિંગ, ઉંમર, મૂળ વંશ, ધર્મ, લગ્ન સંબંધી સ્થિતિ, જાતીય પસંદગી, જન્મનો દેશ અને પોસ્ટલ કોડ પૂછવામાં આવશે.

આ સર્વેનો અંત થશે ત્યારે Ipsos MORI તમારી પરવાનગી/સમંતિ સાથે તમારી સંપર્ક માહિતી માંગશે જેથી તમને એક ગિફ્ટ વાઉચર મોકલી શકાય અને ફરીથી તમારી પરવાનગી સાથે, તમારી સંપર્ક માહિતી અમારી (યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર) સાથે શેર કરી શકાય જેથી અમે તમને ઈમેલ, ટપાલ કે ટેક્સ્ટ મેસેજ દ્વારા ભવિષ્યના અભ્યાસોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપી શકીએ.

**તમે આ માહિતી કયા કાયદાકીય આધારે એકઠી કરી રહ્યા છો?**

યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર અને Ipsos MORI તમારા અધિકારોને સુરક્ષિત રાખનાર ડેટા સંરક્ષણ કાયદા અનુસાર આ અંગત ઓળખ કરી શકાય તેવી માહિતી એકઠી અને સંગ્રહીત કરી રહ્યાં છે. આ જણાવે છે કે મારી પાસે તમારો ડેટો એકઠો કરવા માટે કાયદાકીય આધાર (વિશેષ કારણ) હૌ જોઈએ. આ અભ્યાસ માટે Ipsos MORI આ ડેટા એકઠો કરી રહ્યાં છે તેનું વિશેષ કારણ છે "સંશોધનમાં ભાગ લેવાની સંમતિ" અને "તમારો ડેટા યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરને મોકલવાની સંમતિ". જ્યારે યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર આ ડેટાનું વિશ્લેષણ કરી રહ્યા હોય, ત્યારે વિશેષ કારણ એ છે કે આ "એક લોકહિતનું કામ" છે અને "સંશોધનના ઉદ્દેશ્યો માટે જરૂરી પ્રક્રિયા" છે.

**તમે મારા વિશે જે માહિતી એકઠી કરશો તેના સંબંધી મારા અધિકારો શું છે?**

તમને તમારી અંગત માહિતી બાબતે ડેટા સંરક્ષણ કાયદા હેઠળ અનેક અધિકારો છે. તમને 31 જુલાઈ 2021 સુધી કોઈપણ અંગત ડેટાને એક્સેસની માંગણી કરવા, તમારી સંમતિ પાછી ખેંચવા કે પછી Ipsos MORI પાસે હોય તેવા તમારા અંગત ડેટા પર પ્રક્રિયા કરવા સામે વાંધો ઉઠાવવાનો અધિકાર છે (તેઓ તમારો ડેટા આ અભ્યાસમાં પોતાની ભૂમિકા નિભાવવા માટે તેમને જરૂર હશે ત્યાં સુધીજ તમારો ડેટા રાખશે - તમને સર્વેની લિંક, ગિફ્ટ વાઉચર મોકલવા અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરને ડેટા હસ્તાંતરિત કરવા માટે). તમે 17 મે 2021ના રોજ Ipsos MORI દ્વારા તેને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરને ડિલીવર કરવા માટે તેના પર પ્રક્રિયા કરવામાં આવે તે પહેલાના કોઈપણ સમયે તમને સર્વેને આપેલ જવાબો પર પ્રક્રિયા કરવા સામે વિરોધ નોંધાવી શકો છો. યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર પાસે હોય તેવી સંપર્ક માહિતી માટે તમે આના માટેની સંમતિ 31 જુલાઈ 2026 પહેલા પાછી ખેંચી શકો છો, જ્યારે તેને નષ્ટ કરી નાખવામાં આવશે, સિવાય કે જો યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર એવું નક્કી કરે કે તેમના માટે તે રાખવાના આખા સમયગાળા માટે એ માહિતીને રાખવી જરૂરી નથી અને તેનો વહેલો નાશ કરી નાખવામાં આવે દા.ત જો ભાવિ સંશોધન અપેક્ષા કરતા વહેલું પૂરું થઈ જાય તો.

જો તમે તમારા જુદા-જુદા અધિકારો વિશે અથવા અમે કાયદાનું પાલન કરીએ તે સુનિશ્ચિત કરવા માટે તમારી માહિતીનો કઈ રીતે ઉપયોગ કરવામાં આવશે તે વિશે વધુ જાણવા માંગતા હો, તો કૃપા કરીને યુનિવર્સિટી ઑફ

માન્ચેસ્ટરની સંશોધન માટેની ગોપનીયતા સંબંધી સૂચના (પ્રાયવસી નોટિસ ફૉર સંશોધન) અને Ipsos MORIની ગોપનીયતા નીતિ જુઓ, જે સર્વેના માહિતી પેજ પર જોઈ શકાશે: evenssurveyinfo.ipsos-mori.com

### શું અભ્યાસમાં મારી સહભાગિતા ખાનગી રહેશે અને મારી અંગત ઓળખ કરી શકાય તેવી માહિતીને સુરક્ષિત રાખવામાં આવશે?

હા. આમાં એકમાત્ર અપવાદ એ છે કે જો તમે એવી માહિતી આપો જેમાં એમ જાણવા મળે કે તમે પોતાની જાતને કે બીજાઓને નુકસાન પહોંચાડવા જઈ રહ્યા છો, તો આના વિશે તમારી સાથે ચર્ચા કરવામાં આવશે અને શક્ય છે કે આગળના પગલાં - પોલિસ, એમ્બ્યુલન્સ કે સોશિયલ સર્વિસનો સંપર્ક કરવો - લેવાની જરૂર પડી શકે.

ડેટા સંરક્ષણના કાયદા અનુસાર, આ પ્રોજેક્ટના ડેટા નિયંત્રણકારો યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર અને Ipsos MORI છે. આનો અર્થ છે કે તમારી અંગત માહિતી સુરક્ષિત, ખાનગી રહે અને તમને કહેવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ કરવામાં આવશે તેવી જ રીતે તેનો ઉપયોગ કરાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી અમારી છે. બધા સંશોધનકારોને આ ધ્યાનમાં રાખીને તાલીમ આપવામાં આવે છે, અને તમારા ડેટાની નિમ્નલિખિત રીતોથી સંભાળ રાખવામાં આવશે.

તમારી સંપર્ક માહિતી અને સંમતિનો રેકૉર્ડ તમારા વ્યક્તિગત જવાબોથી અલગ સંગ્રહીત કરવામાં આવશે અને તેના સુધી Ipsos MORIની અભ્યાસ ટીમ અને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના ખાસ સંશોધનકારોને જ ઍક્સેસ મળશે. જો તમે આના જેવા વિષયો પર ભાવિ સંશોધન બાબતે યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર દ્વારા તમારો ફરીથી સંપર્ક કરાવા માટે સંમત થાવ, તો યુનિવર્સિટીના સંશોધનકારો ફાઇલોને લિંક કરી શકશે જેથી તમને ભાગ લેવા માટે આમંત્રણ મોકલી શકાય. તમે કોઈપણ સમયે ભાવિ સંપર્ક માટેના ડેટાબેઝમાંથી તમારી માહિતી કાઢી નખાવાની માંગણી કરી શકો છો.

તમારી સંપર્ક વિગતો અને વ્યક્તિગત જવાબોને પહેલા Ipsos MORI દ્વારા તેમના સુરક્ષિત એનક્રિપ્ટ કરેલ ડેટા સર્વરોનો ઉપયોગ કરીને જુદા-જુદા સંઘરવામાં આવશે (માત્ર નક્કી કરાયેલ સંશોધનકારોજ તમારા ડેટા સુધી પહોંચી શકશે). તેને યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના સંશોધનકારોને હસ્તાંતરિત કરી દેવામાં આવે પછી, પ્રોજેક્ટના અંતના ત્રણ મહીનાની અંદર, Ipsos MORI તમારી સંપર્ક વિગતોનો તેમનો રેકૉર્ડ સુરક્ષિતપણે નષ્ટ કરી નાંખશે.

એક વાર સંપર્ક વિગતો અને વ્યક્તિગત જવાબો યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના સંશોધનકારોને હસ્તાંતરિત કરી દેવામાં આવે પછી તેમને યુનિવર્સિટીમાં ઉચ્ચ સુરક્ષા ધરાવતા સર્વરોમાં જુદા-જુદા સંઘરવામાં આવશે અને પાંચ વર્ષ સુધી જાળવવામાં આવશે. આ સમય પછી, તમારી સંપર્ક વિગતોનો નાશ કરી નાખવામાં આવશે અને સર્વે ડેટાને સંપૂર્ણપણે અનામ કરી નાખવામાં આવશે.

જો તમે ટેલિફોન પર સર્વે પૂરો કરવાનું પસંદ કરો, તો ટેલિફોન સર્વે ઇન્ટરવ્યૂને ગુણવત્તા નિયંત્રણના ઉદ્દેશ્યોથી રેકૉર્ડ કરવામાં આવી શકે છે. Ipsos MORI દ્વારા સંઘરાયેલ ટેલિફોન ઇન્ટરવ્યૂનાં ઑડિયો રેકૉર્ડિંગને ડેટા એકત્રીકરણનો સમયગાળો પૂરો થાય તેના 3 મહીનાની અંદર ભૂંસી નાખવામાં આવશે.

એક સંપૂર્ણપણે અનામ કરાયેલ ડેટા સેટ યૂકે ડેટા સર્વિસ પાસે પણ જમા કરાવવામાં આવશે અને તે બીજા સંશોધનકારો દ્વારા ઉપયોગ માટે ઉપલબ્ધ રહેશે. આ ડેટા અથવા આ સર્વેમાંથી પ્રકાશિત થતા કોઈપણ પરિણામોમાં કોઈ તમને ઓળખવામાં સમર્થ હશે નહીં.

કૃપા કરીને એ બાબતની પણ નોંધ લેશો કે યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર અથવા વિનિયામક પ્રાધિકરણોના લોકોને આ પ્રોજેક્ટ આયોજન કર્યા પ્રમાણે કરાઈ રહ્યો છે તેની કાતરી કરવા માટે આ અભ્યાસ માટે એકઠો કરાયેલ ડેટા જોવો પડી શકે છે. આમાં ઓળખ કરી શકાય તેવો ડેટા જોવાનો સમાવેશ થઈ શકે છે. અભ્યાસના ઑડિટ અને નિરીક્ષણમાં સામેલ બધી વ્યક્તિઓનું સંશોધનમાં ભાગ લેનાર તરીકે તમારા પ્રત્યેક ખાનગીપણાનું કઠોર કર્તવ્ય હશે.

## મારે ફરિયાદ કરવી હોય તો શું?

જો તમને કોઈ એવી ફરિયાદ હોય, જે તમને સંશોધન ટીમના કોઈ સભ્યને મોકલવા માંગતા હો, તો કૃપા કરી ડૉ. નિસ્સા ફિની (Nissa.Finney@st-andrews.ac.uk) અથવા પ્રોફેસર જેમ્સ નાઝરૂ (james.nazroo@manchester.ac.uk નો સંપર્ક સાધો.

જો તમે સંશોધન ટીમથી સ્વતંત્ર કોઈ વ્યક્તિને એક ઔપચારિક ફરિયાદ કરવા ઇચ્છતા હો અથવા તમને પહેલી વારમાં સંશોધનકારો પાસેથી મળેલ જવાબથી સંતોષ ન હોય, તો કૃપા કરીને આમનો સંપર્ક સાધો:

Research Ethics Manager, Research Office, Christie Building, The University of Manchester, Oxford Road, Manchester, M13 9PL, ઇમેલ કરીને: research.complaints@manchester.ac.uk અથવા ટેલિફોન દ્વારા 0161 275 2674.

જો તમે તમારા ડેટાની સુરક્ષા સંબંધી અધિકારો વિશે અમારો સંપર્ક સાધવા ઇચ્છતા હો, તો કૃપા કરી dataprotection@manchester.ac.uk પર ઈમેલ મોકલો અથવા યુનિવર્સિટીમાં આમને પત્ર લખો The Information Governance Office, Christie Building, The University of Manchester, Oxford Road, M13 9PL અને અમે તમને તમારા અધિકારોના ઉપયોગની પ્રક્રિયામાં માર્ગદર્શન પૂરૂં પાડીશું.

તમને તમારી અંગત ઓળખ કરી શકાય તેવી માહિતી વિશેની ફરિયાદો બાબતે ઇન્ફર્મેશન કમિશનરની કચેરીને ફરિયાદ કરવાનો પણ અધિકાર છે ટેલિફોન 0303 123 1113

## સંપર્ક માહિતી

જો તમે આ સર્વેમાં ભાગ લેવા ઇચ્છતા હો, તો તમે નોંધણી સર્વે સુધી અહીંથી પહોંચી શકશો: https://surveys.ipsosinteractive.com/surveys/?p=jZt9VfdUz0lpKjKSVU19dx7XQulvdp%2bHMIFDym5IOKg3UL40L4YcPmzT3Zhgs2XRRcsH3f9aYbvF9XZJqv9RXf%2f2dlVd2Xvs3qZdmM5qxS4%3d&id=partxtest]

જો તમને અભ્યાસ વિશે કોઈ સવાલો હોય, તો તમે Ipsos MORIના સમર્પિત માહિતી પેજ પર જઈ શકો છો: evenssurveyinfo@ipsos-mori.com

જો તમને તમારા પ્રશ્નોનો જવાબ Ipsos MORIના માહિતી પેજ પર ન મળે, અથવા તમે ટેલિફોન દ્વારા ભાગ લેવા માંગતા હો, તો તમે નીચે આપેલ સંપર્ક વિગતોનો ઉપયોગ કરીને સીધો Ipsos MORIનો સંપર્ક કરી શકો છો:

- Ipsos MORIના માહિતી પેજ પર જેના જવાબ અપાયા ન હોય તેવા વધારાના પ્રશ્નો માટે કૃપા કરી આમને ઈમેલ મોકલો: **evenssurvey@ipsos-mori.com**

- **અંગ્રેજીમાં** ટેલિફોન દ્વારા ભાગ લેવા માટે અથવા વધુ માહિતી માટે, કૃપા કરીને નિમ્નલિખિત ફ્રી ફોન નંબર પર કૉલ કરો: **0808 1296800** (આ એક વૉઇસમેલ સર્વિસ છે, કૃપા કરી તમારી સંપર્ક વિગતો આપો અને કોઈ તમારા પ્રશ્નોના જવાબ આપવામાં મદદરૂપ થવા અથવા તમે મુખ્ય સર્વે માટે પાત્ર છો કે કેમ તે જોવા માટે નોંધણી સર્વે કરવા માટે તમને સામો કૉલ કરશે).

- **નીચે જણાવેલ ભાષાઓમાંથી એકમાં** ટેલિફોન દ્વારા ભાગ લેવા માટે અથવા વધુ માહિતી માટે, કૃપા કરીને નિમ્નલિખિત ફ્રીફોન નંબર પર કૉલ કરો: 0808 1296800 (આ એક વૉઇસમેલ સર્વિસ છે, કૃપા કરી તમારી સંપર્ક વિગતો આપો અને કોઈ તમારા પ્રશ્નોના જવાબ આપવામાં મદદરૂપ થવા અથવા તમે મુખ્ય સર્વે માટે પાત્ર છો કે કેમ તે જોવા માટે નોંધણી સર્વે કરવા માટે તમને સામો કૉલ કરશે).

| **ગુજરાતી** | **ફ્રીફોન નંબર** |
|---|---|
| અરબી | 0800 470 2983 |
| બંગાળી | 0800 470 2965 |
| ચાઇનીઝ | 0800 470 2986 |
| ગુજરાતી | 0800 470 2989 |
| પોલિશ | 0800 470 2987 |
| પોર્ટુગીઝ | 0800 470 2977 |
| પંજાબી: ગુરમુખી | 0800 470 2978 |
| પંજાબી: શાહમુખી | 0800 470 2979 |
| રોમાનિયન | 0800 470 2980 |

| | |
|---|---|
| સોમાલી | 0800 470 2981 |
| ટર્કિશ | 0800 470 2982 |
| ઉર્દૂ | 0800 470 2984 |
| વેલ્શ | 0800 470 2985 |

**અહીં એ સંસ્થાઓના નંબર પણ આપેલા છે જેમનો તમે મદદ માટે સંપર્ક સાધી શકો છો.**

***AGE UK***

Age UK (એજ યૂકે)ની એડવાઇસ લાઇન મોટી ઉંમરના લોકો, તેમના પરિવારો, મિત્રો, સંભાળ રાખનારાઓ અને વ્યાવસાયિકો માટેની એક મફત, ખાનગી રાષ્ટ્રીય ફોન સેવા છે. ટીમ તમને વિશ્વાસપાત્ર અને નવીનતમ માહિતી આપશે અને તમારે જે સલાહની જરૂર હોય તે મેળવવામાં તમને મદદ કરશે.

નાણાં, સંભાળ, આરોગ્ય, રહેઠાણ અથવા અન્ય વિષયો માટેની સલાહ સેવાનો વર્ષના કોઈપણ દિવસે સવારના 8 થી સાંજના 7 વાગ્યા સુધી સંપર્ક સાધી શકાય છે.

ટેલિફોન: 0800 055 6112

વેબસાઇટ: https://www.ageuk.org.uk/

***Citizens Advice (સિટિઝન્સ એડવાઇસ)***

ઑનલાઇન, ફોન પર અને રૂબરૂમાં મફત ખાનગી સલાહ આપનાર સ્વતંત્ર દાનાર્થ સંસ્થાઓનું એક નેટવર્ક. તેઓ બેનિફિટ્સ, કામ, કરજ, રહેણાંક, પરિવાર, ઇમિગ્રેશન અને આરોગ્ય વિશે સલાહ આપી શકે છે.

Adviceline (એડવાઇસલાઇન) (ઇંગ્લેન્ડ): 03444 111 444

Adviceline (એડવાઇસલાઇન) (વેલ્સ): 03444 77 20 20

Adviceline (એડવાઇસલાઇન) (સ્કૉટલેન્ડ): 0800 028 1456

બધીજ લાઇનો સોમવાર થી શુક્રવાર સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ઉપલબ્ધ.

વેબસાઇટ: https://www.citizensadvice.org.uk/ (ઇંગ્લેન્ડ અને વેલ્સ)

વેબસાઇટ: https://www.cas.org.uk/ (સ્કૉટલેન્ડ)

ચેટ વડે તમે એક તાલીમ પામેલ એડવાઇઝર સાથે ઑનલાઇન વાત કરી શકશો. તમે આમ કરી શકશો:

- https://www.citizensadvice.org.uk/about-us/contact-us/contact-us/chat-service-money-and-debt/ મદદ સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર સવારે 8 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી ઉપલબ્ધ હોય છે

- તેમની સાથે બીજી કોઈપણ પ્રકારની સમસ્યા વિશે વાત કરો https://www.citizensadvice.org.uk/about-us/contact-us/contact-us/web-chat-service/ મદદ સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર સવારે 10 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી ઉપલબ્ધ હોય છે

***Covid-19 Mutual Aid (કોવિડ-19 મ્યુચુઅલ એઇડ)***

તમારા વિસ્તારમાં સ્થાનિક સમૂહો છે જે કોવિડ-19ના કારણે તકલીફ અનુભવતા સમુદાયોને મદદરૂપ થાય છે.

અહીં જાવ: https://covidmutualaid.org/ અને તમારી સૌથી નજીકના મદદ સમૂહનું સ્થાન જાણવા માટે તમારો વિસ્તાર અથવા પોસ્ટ કોડ લખો.

***Cruse Bereavement (ક્રૂઝ બિરીવમેન્ટ)***

ક્રૂઝ બિરીવમેન્ટ કેર ફ્રીફોન રાષ્ટ્રીય હેલ્પલાઇનમાં મૃત્યુથી પડેલ ખોટમાં સહારો આપવાની તાલીમ પામેલ સ્વયંસેવકો ઉપલબ્ધ છે જે કોઈ પ્રિયજનને ખોનાર કોઈપણ વ્યક્તિને ભાવનાત્મક મદદ પૂરી પાડે છે

ફોન: 0844 477 9400 (સોમવાર થી શુક્રવાર, સવારે 9 થી સાંજે 5 વાગ્યા સુધી)

વેબસાઇટ: https://www.cruse.org.uk/

***Equality Advisory Support Service (ઈક્વૉલિટી એડવાઇઝરી સપોર્ટ સર્વિસ - EASS)***

EASSની એક હેલ્પલાઇન છે જે ભેદભાવ અને માનવ અધિકાર સંબંધી મુદ્દાઓ વિશે માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડે છે. આ સેવા મફત છે અને તેને ફોન, ઈમેલ, ફેક્સ, ટપાલ, વડે ઉપયોગ કરી શકાય છે અને જેઓ BSLનો ઉપયોગ કરવા માંગતા હોય તેમના માટે વીડિયો લિંક છે અને તેમાં માનસિક રોગો ધરાવતા અને શીખવા સંબંધી અક્ષમતા ધરાવતા લોકો માટે વકીલાત સેવાઓ ઉપલબ્ધ છે. ચેટ સગવડ પણ ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે.

કામના કલાકો: સોમવારથી શુક્રવાર સવારે 9 થી સાંજે 7 વાગ્યા સુધી અને શનિવાર સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધી.

Advice Line (એડવાઇસ લાઇન): 0808 800 0082

ટેક્સ્ટફોન: 0808 800 0084

વેબસાઇટ: http://www.equalityadvisoryservice.com/

***MIND (માઇન્ડ)***

MIND કોઈ માનસિક આરોગ્ય સંબંધી તકલીફ ધરાવનાર કોઈપણ વ્યક્તિને સલાહ અને મદદ પૂરી પાડવા અને તેમને સશક્ત બનાવવા માટેનું અભિયાન ચલાવે છે. તેઓ સેવાઓને સુધારવા, જાગૃતિ વધારવા અને સમજને પ્રોત્સાહન આપવા માટે અભિયાન ચલાવે છે.

તમે MIND નો તેમની ઇન્ફોલાઇન પર સોમવારથી શુક્રવાર સવારે 9 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી સંપર્ક સાધી શકો છો (બેંક હૉલિડે સિવાય): 0300 123 3393

ઈમેલ: info@mind.org.uk

વેબસાઇટ: https://www.mind.org.uk/

ટેક્સ્ટ: 86463

***National Debtline (નેશનલ ડેટલાઇન)***

તેઓ છેલ્લા 25 વર્ષોથી વધુ સમયથી કરજ વિશે નિષ્ણાત સલાહ પૂરી પાડવાની સિધ્ધિ હાંસલ કરી ચૂક્યા છે. તેઓ નિષ્ણાત ડેટ એડવાઇઝરો પૂરા પાડે છે જેઓ મદદરૂપ હોય છે અને ઉચ્ચ માનકોવાળી તાલીમ પામેલા હોય છે.

કરજ બાબતે મફત સલાહ માટે સોમવાર થી શુક્રવાર સવારે 9 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી અને શનિવારે સવારે 9.30 વાગ્યાથી બપોરે 1 વાગ્યા સુધી 0808 808 4000 પર કૉલ કરો.

વેબસાઇટ: https://www.nationaldebtline.org/

***Refuge (રેફ્યૂજ)***

પારિવારિક હિંસાનો અનુભવ કરનાર કોઈપણ વ્યક્તિ માટે 24 કલાકની હેલ્પલાઇન

ફોન: 0808 2000 247

વેબસાઇટ: https://www.refuge.org.uk/

તેમની પાસે અનેક ડિજિટલ સંસાધનો પણ અહીં ઉપલબ્ધ છે www.refuge.org.uk અને www.nationaldahelpine.org.uk

***Samaritans (સમૅરિટન્સ)***

દુઃખ કે હતાશા અનુભવતા લોકો માટે ખાનગી મદદ:

ફોન: 116 123 (મફત 24 કલાક કાર્યરત હેલ્પલાઇન)

ઈમેલ: jo@samaritans.org

વેબસાઇટ: www.samaritans.org.uk

***Stop Hate UK (સ્ટૉપ હેટ યૂકે)***

Stop Hate UK એક દાનાર્થ સંસ્થા છે, જે નફરતના ગુનાઓ (હેટ ક્રાઇમ) દ્વારા પ્રભાવિત લોકોને સ્વતંત્ર અને ખાનગી મદદ પૂરી પાડે છે.તેઓ યૂકેના જુદા-જુદા વિસ્તારોમાં ગોપનીય હેટ ક્રાઇમ રિપોર્ટિંગ સેવાઓ પૂરી પાડે છે, જેમાં 24 કલાકની હેલ્પલાઇનનો સમાવેશ થાય છે.કૉલ કરતા પહેલા કૃપા કરીને તેમની વિસ્તારોની યાદી ધ્યાનપૂર્વક તપાસો.

વેબસાઇટ: www.stophateuk.org

24-કલાકની હેલ્પલાઇન: 0800 138 1625

ફેક્સ: 0113 341 0396
ટેક્સ્ટ: 07717 989 025

ઈમેલ: talk@stophateuk.org

***Victim Support (વિક્ટિમ સપોર્ટ)***

જો તમે કોઈ અપરાધનો ભોગ બન્યા હો, તો તેઓ તમને આગળ વધવા માટે જરૂરી મદદ કરી શકે છે. સેવાઓ મફત છે, ગોપનીય છે અને ઇંગ્લેન્ડ, સ્કૉટલેન્ડ અને વેલ્સમાં કોઈપણ વ્યક્તિ માટે ઉપલબ્ધ છે ભલે અપરાધને રિપોર્ટ કરવામાં આવ્યો હોય કે નહીં કે પછી તે ગમે તેટલા સમય પહેલા બન્યો હોય.

સપોર્ટ લાઇનને મફત આ નંબર પર કૉલ કરો

08 08 16 89 111 (ઇંગ્લેન્ડ અને વેલ્સ, દિવસના 24 કલાક)

0800 160 1985 (સ્કૉટલેન્ડ, સવારના 8 વાગ્યથી રાતના 8 વાગ્યા સુધી)

વેબસાઇટ પરના ઑનલાઇન ફૉર્મનો ઉપયોગ કરીને સેવાને ઇમેઇલ મોકલો:

https://www.victimsupport.org.uk/ (ઇંગ્લેન્ડ અને વેલ્સ)

https://victimsupport.scot/ (સ્કૉટલેન્ડ)

આપના સમય માટે આપનો આભાર!